# <u>બી. એ. કોલેજ ઓફએગ્રીકલ્ચર, આકૃયુ, આણંદ ખાતે POSH અને સાઇબર સુરક્ષા અંગે જાગૃતિ કાર્યક્રમ યોજાયો</u>

વિદ્યાર્થીઓ તથા સ્ટાફ માટે સલામત અને સુસંસ્કૃત કાર્ય-શૈક્ષણિક વાતાવરણ વિકસાવવાના હેતુસર બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે તા. ૬ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ POSH (Prevention of Sexual Harassment) અને સાઇબર સુરક્ષા વિષય પર વિશેષ જાગૃતિ કાર્યક્રમ સફળતા પૂર્વક યોજવામાં આવ્યો.

આ કાર્યશાળામાં મુખ્ય વક્તા તરીકે કેરાલાના POSH ટ્રેનર તથા કોલેજના ભૂતપૂર્વ વિદ્યાર્થિની શ્રીમતી દિવ્યા મધુ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ હાલ એગ્રીકલ્ચર ઓફિસર તરીકે કેરાલા સ્ટેટ કોઓપરેટિવ ડેવલપમેન્ટ બેંક લિમિટેડ, કોટ્ટાયમ, કેરાલા ખાતે સેવારત છે. સાઇબર સુરક્ષા અંગે વિશેષ માર્ગદર્શન આપવા માટે શ્રી સી.પી. ચૌધરી, પોલીસ ઇન્સ્પેક્ટર તથા શ્રી મુસ્તકીમ મલેક, એ.એસ.આઈ., સાઇબર ક્રાઇમ સેલ, આણંદ ટાઉન પોલીસ, આણંદ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમ દરમ્યાન આચાર્ય તથા વિદ્યાશાખાધ્યક્ષ ડૉ. એસ. આર. પટેલ, સ્ટુડન્ટ રિપ્રેઝન્ટેટિવ કાઉન્સિલ (SRC) ના ચેરમેન ડૉ. પી. એમ. પટેલ, ડૉ. હેમંત પ્રજાપતિ, SRC કો-ચરમેન તથા અન્ય ગણમાન્ય મહેમાનો મંચ પર ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત SRC ચેરમેન દ્વારા સ્વાગત પ્રવચનથી કરવામાં આવી. ડૉ. નિધિ ચૌધરી, SRC સભ્ય દ્વારા મંચસ્થ વક્તાઓનું ફૂલોથી સ્વાગત કરવામાં આવ્યું. ત્યારબાદ ડૉ. ઋચા દવે, SRC સભ્ય દ્વારા કાર્યક્રમની રૂપરેખા રજૂ કરવામાં આવી તથા વક્તાઓનો પરિચય આપવામાં આવ્યો. ડૉ. એસ. આર. પટેલે આ જાગૃતિ કાર્યક્રમનું મહત્વ પુરૂં પાડી વિદ્યાર્થીઓ અને સ્ટાફને મહત્તમ લાભ લેવા અપીલ કરી.

પ્રથમ સાઇબર સુરક્ષા સેશન દરમિયાન શ્રી. મુસ્તકીમ મલેક અને શ્રી. સી. પી. ચૌધરી દ્વારા ઓનલાઈન ઠગાઈ, ફિશિંગ, સાઇબર બુલિંગ, ઓળખ ચોરી, સોશિયલ મીડિયા સલામતી, મજબૂત પાસવર્ડ, ડેટા ગોપનીયતા અને ડિજિટલ ફુટપ્રિન્ટ જેવા વિષયોથી જોડાયેલી મહત્વપૂર્ણ અને પ્રાયોગિક માહિતી આપવામાં આવી. વાસ્તવિક ઉદાહરણો દ્વારા નિવારક પગલાં સમજાવ્યા તેમજ જરૂરી સંપર્ક નંબર આપી વિદ્યાર્થીઓને સચેત કરવામાં આવ્યા. તેમણે વિદ્યાર્થીઓ અને સ્ટાફ દ્વારા પૂછાયેલા પ્રશ્નોના યોગ્ય અને સંતોષકારક જવાબો પણ આપ્યા.

શ્રીમતી દિવ્યા મધુ દ્વારા POSH અધિનિયમ, ૨૦૧૩ અંતર્ગત લૈંગિક સતામણીની વ્યાખ્યા, મહિલાઓના અધિકારો, આંતરિક ફરિયાદ સમિતિ (ICC)ની ભૂમિકા, ફરિયાદ નોંધાવવાની પ્રક્રિયા તથા સંસ્થાકીય જવાબદારીઓ અંગે વિસ્તૃત માહિતી આપવામાં આવી. સાથે જ, સલામત અને સન્માનીય કેમ્પસ સંસ્કૃતિ ઉભી કરવા માટે સૌની સામૂહિક ભૂમિકા ઉપર ભાર મૂકાયો.

નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ પ્રવૃત્તિ ડૉ. ડી. એચ. પટેલે જણાવ્યું કે, “યુવા પેઢીને કાનૂની જાગૃતિ અને ડિજિટલ સુરક્ષાની યોગ્ય સમજ આપવી આજના સમયમાં અત્યંત

આવશ્યક છે," તેમજ આવી કાર્યશાળાઓ વિદ્યાર્થીઓને વધુ સજાગ, જવાબદાર અને આત્મવિશ્વાસભર્યા બનાવે છે એમ ઉમેર્યું. કાર્યક્રમના અંતે ડૉ. કેયુર ગરધરિયાએ આભાર દર્શન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુચારુ સંચાલન પણ તેમણે જ સંભાળ્યું હતું.





